# નવસારી જિલ્લાના ચીખલી ખાતે રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ કરતા કેન્દ્રીય જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલ

**“અદ્યતન સુવિધાસભર હોસ્પિટલથી ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો લાભ મળશે”: આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા**






કમલમ્,નવસારી

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવસારી જિલ્લાના ચીખલી ખાતે રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦બેડની અદ્યતન સુવિધાસભર સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ કેન્દ્રીય જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ

## “રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત આ અતિ આધુનિક હોસ્પિટલથી નાગરિકોને વધુ સુવિધાસભર અને સમયસર સારવાર ઉપલબ્ધ થશે”: આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ

તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલ, રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે રીબીન કાપી નવનિર્મિત સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલને પ્રજાજનો માટે ખુલ્લી મૂકી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, અદ્યતન સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલના કારણે ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો વધુ સારો લાભ મળશે. દર્દીઓને સંતોષકારક સારવાર મળે અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તે આરોગ્ય સેવાઓનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. તેમણે આરોગ્ય વિભાગની ટીમને હોસ્પિટલની સુવિધાઓ તથા આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે મંત્રીશ્રી પાટીલે ચીખલી તાલુકામાં થયેલા વિવિધ વિકાસકાર્યોનો ઉલ્લેખ કરતાં પહોળા રસ્તા, બ્લોક પેવિંગ સહિતના વિકાસ કામો તેમજ સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણની પ્રશંસા કરી હતી. નવસારી જિલ્લો વિવિધ વિકાસલક્ષી કામગીરીમાં અગ્રેસર રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકોના આરોગ્યની ચિંતા સાથે આરોગ્યક્ષેત્રે સતત નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ચીખલીની વર્ષો જૂની રેફરલ હોસ્પિટલ દ્વારા અનેક લોકોને આરોગ્યસેવાઓ આપવામાં આવી છે. હવે નવનિર્મિત અને આધુનિક સુવિધાઓથી સજ્જ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલથી આ વિસ્તારના નાગરિકોને વધુ સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. ખાસ કરીને બાળકો અને માતાઓને સમયસર સારવાર મળી રહે અને તેઓ સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તે દિશામાં આ હોસ્પિટલ મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ચિરંજીવી યોજના સહિતની વિવિધ સરકારી આરોગ્ય યોજનાઓને જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ ગણાવી હતી. સરકારી હોસ્પિટલોના માધ્યમથી સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને ગુણવત્તાસભર સારવારનો લાભ મળી રહે છે તેમ તેમણે જણાવ્યું હતું. નવનિર્મિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૧૦૦ બેડની ક્ષમતા સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હોસ્પિટલ શરૂ થવાથી ચીખલી તાલુકા ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને સારવાર માટે દૂરના સ્થળે જવાની જરૂરિયાતમાં ઘટાડો થશે અને સ્થાનિક સ્તરે વધુ સુવિધાસભર આરોગ્ય સેવા ઉપલબ્ધ બનશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત આ અતિ આધુનિક ૧૦૦ બેડની હોસ્પિટલથી ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને વધુ સુવિધાસભર આરોગ્યસેવાઓ મળી રહેશે. આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ સાથે આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીને તેમણે બિરદાવી હતી. તેમણે કોરોના મહામારીના કપરા સમયમાં આરોગ્ય વિભાગની ટીમે રાત-દિવસ ખડેપગે રહીને કરેલી કામગીરીને યાદ કરી આરોગ્ય કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે આરોગ્ય ક્ષેત્રે રાજ્યમાં વિવિધ માળખાકીય અને સેવાકીય સુવિધાઓના વિકાસ સાથે નાગરિકોને સમયસર અને ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું. દીકરીઓના રસીકરણ સહિતની વિવિધ આરોગ્યલક્ષી કામગીરીની વિગતો પણ તેમણે આપી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીઓ તથા મહાનુભાવોના હસ્તે હોસ્પિટલની નર્સિંગ બહેનો, પી.આઈ.ઓ., સફાઈ કર્મચારીઓ તથા કોન્ટ્રાકટરનું સન્માન કરવામાં આવ્યું હતું. આરોગ્ય સેવાઓમાં યોગદાન આપનાર કર્મચારીઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ચીખલી તાલુકા તેમજ આસપાસના ગામડાઓની અંદાજે ૩ થી ૫ લાખની વસ્તીને આ હોસ્પિટલની આધુનિક આરોગ્ય સેવાઓનો સીધો લાભ મળશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિરાલીબેન નાયક, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કાર્તિક જીવાણી, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ડૉ. માલતીબેન સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ, હોસ્પિટલ સ્ટાફ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લાલબાગ ચા રાજાની તર્જપર બનેલા ‘ખાડિયાના ગણરાજ’ના ભાવ-ભક્તિપૂર્વક દર્શન કર્યા

**મુખ્યમંત્રીશ્રીએ ગણપતિ બાપ્પાના ચરણસ્પર્શ દર્શનનો લહાવો લઈને ધન્યતા અનુભવી**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લાલબાગ ચા રાજાની તર્જ પર બનેલા ‘ખાડિયાના ગણરાજ’ના ભાવ-ભક્તિપૂર્વક દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગણપતિ બાપ્પાના ચરણસ્પર્શ દર્શનનો લહાવો લઈને ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભક્તજનોનું અભિવાદન ઝીલી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના આગમન સાથે ‘ગણપતિ બાપ્પા મોરિયા’ના હર્ષનાદ સાથે ગણેશ મંડપ ગુંજી ઊઠ્યો હતો. અત્રે

**મુખ્યમંત્રીશ્રીએ ભક્તજનોનું અભિવાદન ઝીલી ઉત્સાહ વધાર્યો**

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ખાડિયા વિસ્તારની લાખિયાની પોળમાં અષ્ટ વિનાયક ચેરિટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક અગ્રણીઓ દ્વારા મુંબઈના પ્રસિદ્ધ લાલબાગ ચા રાજાની તર્જ પર શહેરમાં પ્રથમવાર ‘ખાડિયાના ગણરાજ’નું ભવ્ય સ્થાપન કરવામાં આવ્યું છે. આ આયોજનનું ભાવનાત્મક પાસું એ છે કે, ગુજરાતમાં પ્રથમવાર ભાવિકોને ભગવાનશ્રી ગણેશજીના ચરણસ્પર્શ દર્શનનો લહાવો મળી રહ્યો છે. બીજી વિશેષતા એ છે કે આ ગણેશ મંડપને અમદાવાદની પોળોની હેરિટેજની થીમ પર શણગારવામાં આવ્યો છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાણીપ ખાતે આયોજિત ગણેશોત્સવમાં સહભાગી થયા

**મુખ્યમંત્રીશ્રીએ ભક્તિભાવપૂર્વક શ્રીજીનાં દર્શન કરી, રાજ્યના નાગરિકોની સુખાકારી માટે મંગલ કામના કરી**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાણીપ વિસ્તારમાં આયોજિત ગણેશોત્સવમાં સહભાગી થયા હતા. તેમણે ભક્તિભાવપૂર્વક શ્રીજીનાં દર્શન કરીને શુભાશિષ મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ મહાઆરતીનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હત તેમજ રાજ્યના નાગરિકોની સુખાકારી માટે મંગલ કામના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભવ્ય ગણેશ પંડાલની થીમ, સજાવટ અને ગણેશ સ્થાપનના આયોજનને બિરદાવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગણેશ મહોત્સવમાં દર્શન કરવા આવેલા નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું અને ભૂલકાંઓ સાથે વડીલ વાત્સલ્ય ભાવથી વાર્તાલાપ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન ગાંધીનગરનાં મેયર મીરાંબેન પટેલ, ધારાસભ્યો અલ્પેશ ઠાકોર તેમજ હર્ષદ પટેલ, શહેર અધ્યક્ષ પ્રેરક શાહ સહિતના આગેવાનો, કાર્યકરો તેમજ બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઘોઘંબા બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા શ્રમદાન કર્યું

**સેવા યાત્રા બાઇક રેલી સાથે ઘોઘંબા પહોંચી નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્વયં સફાઈ કરી સેવાનો સંદેશ આપ્યો**

**દેશને સ્વચ્છ રાખવામાં મહત્વપૂર્ણ યોગદાન આપતા સ્વચ્છતા કર્મીઓનો શ્રી હર્ષ સંઘવીએ વિશેષ આભાર માન્યો**



કમલમ્,

સેવા સંકલ્પ અંતર્ગત યોજાયેલી વિશેષ બાઈક રેલીના પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સેવા યાત્રીઓ સાથે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા બસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. ઘોઘંબા બસ સ્ટેશન પરિસરમાં પહોંચીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્વયં સફાઈ હાથ ધરીને ગંદકી દૂર કરી સ્વચ્છતા શ્રમદાન કર્યું હતું અને નાગરિકો સમક્ષ સ્વચ્છતાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. આ અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉપસ્થિત તમામ સ્વચ્છતા કર્મીઓને મળીને તેમની અવિરત અને નિષ્ઠાવાન સેવાઓની પ્રશંસા કરી હતી. દેશ અને ગામને સ્વચ્છ સ્વસ્થ રાખવા માટે સ્વચ્છતા કર્મીઓ જે ભગીરથ કાર્ય કરી રહ્યા છે તે અત્યંત વંદનીય છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા કર્મીઓને દિલથી અભિનંદન પાઠવી સમગ્ર દેશવાસીઓ વતી તેમનો ઋણસ્વીકાર કરી આભાર માન્યો હતો. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં સેવા યાત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ એન્ડ રિસર્ચ ના Chemstar@SMMPISR અને સોસિઅલ વેલ્ફેર ક્લબ દ્વારા ઓઝોન ડે ના દિવસે જાગૃતિ માટે ગાંધીનગર ની ઈન્ફોસિટી અને રેડિયન્ટ સ્કૂલ મા પ્રેઝન્ટેશન દ્વારા શાળા ના વિધાર્થીઓ ને ઓઝોન લેયર વિશે માહિતી આપવામાં આવી.. આ પ્રેઝન્ટેશન કૉલેજ ના કેમેસ્ટ્રી સેમેસ્ટર– ૭ ના વિધાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું.





કમલમ્,

પચકવાડા મુકામે આસ્થા, ભક્તિ અને પરંપરાના પાવન સંગમ સમાન શ્રી મણિલાલ વીરમહારાજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પવિત્ર પ્રસંગે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી દર્શન-પૂજન અને આરતીનો લાભ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આરાધ્ય દેવી-દેવતાઓના મંદિરના જીર્ણોદ્ધાર બાદ યોજાયેલા આ ભવ્ય ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પંચાલ પરિવાર તથા ગ્રામજનો સાથે ભક્તિભાવપૂર્વક સહભાગી થઈ, સૌના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી. આ પાવન પ્રસંગે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના યશસ્વી અધ્યક્ષ અને આપણા માર્ગદર્શક શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની વિશેષ ઉપસ્થિતિએ પ્રસંગની ગરિમામાં વધારો કર્યો. સાથે જ અમારા સૌના વંદનીય સ્વ. શ્રી કાંતિલાલ મણિલાલજીનું સ્વપ્ન સાકાર થતું જોઈ અત્યંત હર્ષ અને લાગણીની અનુભૂતિ થઈ. ધર્મ, શ્રદ્ધા અને સંસ્કારની આ દિવ્ય પરંપરા આવનારી પેઢીઓને સદાય પ્રેરણા આપતી રહે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના. આ કાર્યક્રમમાં પંચાલ પરિવારના સભ્યો, શ્રી રમેશભાઈ સિંધવ, શ્રી નંદાજી ઠાકોર, શ્રી દશરથજી ઠાકોર, શ્રી ભાવિકભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી સ્નેહલભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી કાનજીભાઈ દેસાઈ, શ્રી અશોકભાઈ, શ્રી વિક્રમસિંહ અને મહામંત્રીશ્રી, તાલુકાના સભ્યો, સંગઠનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# તાપી જિલ્લાની વ્યારા હેડ પોસ્ટ ઓફિસમાં સ્ટાફની ઘટને કારણે પ્રજા પરેશાન



કમલમ્, રાકેશ વાળા,

તાપી જિલ્લાનું હેડક્વાર્ટર વ્યારા ખાતે આવેલી હેડ પોસ્ટ ઓફિસમાં પૂરતો સ્ટાફ ન હોવાના કારણે આમ જનતા ભારે હાલાકી ભોગવી રહી છે. વ્યારા ખાતે જિલ્લા સેવા સદન, તમામ શાળા કોલેજો, હોસ્પિટલો અને અનેક ઔદ્યોગિક એકમો આવેલા હોવાથી પોસ્ટ ઓફિસમાં રોજબરોજની કામગીરીનું ભારણ ખૂબ વધારે રહે છે. રજીસ્ટર પોસ્ટ, સ્પીડ પોસ્ટ, નાણાકીય લેવડદેવડ, બચત યોજનાઓ, પોસ્ટલ વીમા અને વિધવા સહાય જેવા સરકારી સહાયના કામો માટે દરરોજ મોટી સંખ્યામાં લોકો અહીં આવતા હોય છે. પ્રાપ્ત માહિતી મુજબ આ પોસ્ટ ઓફિસમાં દસથી બાર કર્મચારીઓનો સ્ટાફ હોવો જોઈએ તેની સામે હાલમાં માત્ર ત્રણ કર્મચારીઓ દ્વારા સમગ્ર કામગીરી સંભાળવામાં આવી રહી છે. સ્ટાફની અછતના કારણે લોકોના કામો સમયસર થતા નથી અને લોકોને બે થી ત્રણ દિવસ સુધી ધક્કા ખાવા પડે છે. ઉલ્લેખનીય છે કે હાલના પોસ્ટ માસ્ટર ચૌધરી સાહેબને નિવૃત્ત થવામાં દસ મહિના બાકી હોવા છતાં તેઓ આ ઉંમરે પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. દસ વ્યક્તિનું કામ આજે માત્ર ત્રણ વ્યક્તિઓ કરી રહ્યા છે જે ખરેખર ચિંતાજનક બાબત છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને તાત્કાલિક ધોરણે સ્ટાફની ભરતી કરવામાં આવે અને પ્રજાની સમસ્યાનું નિવારણ લાવવામાં આવે તેવી ગામલોકો દ્વારા માગ ઉઠવા પામી છે.



કમલમ્, ઈકબાલ મેમણ

વિકસિત ભારત ૨૦૪૭ કાર્યક્રમ અંતર્ગત આડાહાથરોલ પ્રાથમિક શાળામા ચિત્રસ્પર્ધા તેમજ વક્તૃત્વ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સદ્ધ ગામના સરપંચ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડે સ્થાન શોભાવ્યુ. આ કાર્યક્રમમાં એસએમસી અધ્યક્ષ મનોજસિંહ રાઠોડ પણ હાજર રહ્યા. આ કાર્યક્રમનુ સંચાલન શાળાના શિક્ષકશ્રી અનવરભાઈ મનસૂરી સાહેબે કર્યુ. આ કાર્યક્રમને દિપાવવા શાળાના આચાયશ્રી ભાવનાબેન તેમજ તમામ સ્ટાફમિત્રો અને બાળકોએ સુંદર આયોજન કર્યુ. ચિત્રસ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધામાં ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીઓનુ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું. અંતે શાળાના શિક્ષકશ્રી જિતેંદ્રભાઈ પ્રજાપતિએ કાર્યક્રમની આભારવિધી કરી.

